www.edumatireals.in

**ધોરણ :-** 6 | પ્રથમ કસોટી | **કુલ ગુણ :-** 80

**વિષય :- સામાજિક વિજ્ઞાન**

**પ્ર.1 નીચેના દરેક પ્રશ્નના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધીને લખો : (પ્રત્યેકનો એક ગુણ) [30]**

(1) ચિત્રો વસ્તુઓ કે સિક્કા જેવા સ્ત્રોતોના આધાર કોના વિશે જાણી શકાય છે ?

(a) ઈતિહાસ (b) સમય (c) દેશ-વિદેશ (d) ફિલ્મો

(2) તાડપત્રો અને ભોજપત્રો પર મુખ્યત્વે કઈ લિપિ જોવા મળે છે ?

(a) સધુક્કડી (b) પાંડુ (c) ભોજપૂરી (d) અવધિ

(3) ધાતુ કે પથ્થર પર કોતરેલા લેખો કયા નામે ઓળખાય છે ?

(a) ધાતુલેખો (b) પાષાણલેખો (c) અભિલેખો (d) ભોજપત્રો

(4) કોની મદદથી કોઈપણ પ્રદેશનું સાચું ચિત્ર જાણી શકાય છે ?

(a) એટલાસની (b) રૂટમેપની (c) દિશાની (d) નકશાની

(5) કયો ખંડ દક્ષિણ ધ્રુવ સુધી વિસ્તરેલો છે ?

(a) એન્ટાર્કટિકા (b) આફ્રિકા (c) ઓસ્ટ્રેલિયા (d) યુરોપ

(6) રંગીન નકશાઓમાં જંગલો કે વનસ્પતિ દર્શાવવા કયો રંગ વપરાય છે ?

(a) વાદળી (b) લીલો (c) પીળો (d) કથ્થાઈ

(7) કયો ખંડ સૌથી મોટો છે ?

(a) આફ્રિકા (b) ઉત્તર અમેરિકા (c) એશિયા (d) દક્ષિણ અમેરિકા

(8) આપણા સંપર્કમાં આવનારી પ્રથમ સામાજિક સંસ્થા કઈ છે ?

(a) શાળા (b) પડોશ (c) ગામ (d) કુટુંબ

(9) ભારતના નાગરિકને કેટલા વર્ષની ઉંમરે મતદાન કરવાનો અધિકાર મળે છે ?

(a) 18 (b) 15 (c) 17 (d) 16

(10) મતદાન કરવા માટે વ્યક્તિ પાસે શું હોવું જોઈએ ?

(a) પાસર્પોટ (b) ચૂંટણીપંચનું ઓળખપત્ર (c) લિવીંગસર્ટી (d) આધારકાર્ડ

(11) માનવજીવનની સૌથી ક્રાંતિકારી શોધ કઈ છે ?

(a) અગ્નિની (b) ખેતીની (c) ચક્રની (d) રહેઠાણની

(12) ભારતીય ઉપખંડમાં આશરે કેટલાં વર્ષોથી માવવસ્તીના અવશેષો જોવા મળે છે ?

(a) 12 લાખ (b) 10 લાખ (c) 22 લાખ (d) 20 લાખ

(13) ચક્રની શોધ થતાં આદિમાનવે વાહનો માટે શેનો ઉપયોગ કરવાનું શરૂ કયુ ?

(a) પશુઓનો (b) પક્ષીઓનો (c) જીવ-જંતુઓનો (d) વૃક્ષોનો

(14) પૃથ્વી પર કુલ કેટલા ભૂમિખંડો આવેલા છે ?

(a) આઠ (b) સાત (c) પાંચ (d) ત્રણ

(15) વિષુવવૃતથી ઉતરે થોડા અંતરે આવેલી આડી રેખાને શું કહે છે ?

(a) મકરવૃત (b) વિષુવવૃત (c૯ કર્કવૃત (d) અયનવૃત

(16) સૌથી ઓછો પ્રકાશ અને સૌથી ઓછું તાપમાન મેળવતા પૃથ્વીના ભાગને શું કહે છે ?

(a) ઉષ્ણ (b) અયનવૃત (c) સમશીતોષ્ણ (d) શીત

(17) પૃથ્વી પરના મહાસાગરમાં સૌથી નાનો મહાસાગર કયો છે ?

(a) આર્કટિક (b) હિંદ (c) પેસેફિક (d) એટલેન્ટિક

Download From : http://www.edumatireals.in

www.edumatireals.in

(18) સંભવતઃ સૌથી પહેલાં ઘઉં અને જવ ઉગાડવાનું કયા પુરાતન સ્થળે શરૂ થયેલું મનાય છે ?

(a) માનગઢમાં (b) મહેરગઢમાં (c) હુલ્લરમાં (d) ચિરાદમાં

(19) આદિમાનવ રહેઠાણના સ્થળ તરીકે મોટે ભાગે કયા સ્થળને પસંદ કરતો ?

(a) વાડાને (b) ખેતરને (c) ગુફાને (d) મંદિરને

(20) સ્થાયી વસવાટ દરમિયાન માનવે સૌપ્રથમ શું પાળ્યું હતું ?

(a) હાથી (b) સિંહ (c) સસલું (d) કૂતરુ

(21) સૌરાષ્ટ્રમાં જુનાગઢ પાસે આવેલો કયો પર્વત સૌથી ઉંચો છે ?

(a) ગિરનાર (b) શેત્રુંજો (c) બરડો (d) ચોટીલો

(22) ગુજરાતનો દરિયાકિનારો કેટલા કિલોમીટર લાંબો છે ?

(a) 1750 (b) 1600 (c) 2600 (d) 1480

(23) કચ્છનો ઘણો મોટો વિસ્તાર કયા પ્રદેશનો બનેલો છે ?

(a) ખીણપ્રદેશ (b) મેદાનપ્રદેશનો (c) રણપ્રદેશનો (d) ઉચ્ચપ્રદેશનો

(24) ભારતનાં રાજયોમાં ગુજરાતનું સ્થાન વિસ્તારની દ્રષ્ટિએ કેટલામું છે ?

(a) નવમું (b) આઠમું (c) ચોથું (d) સાતમું

(25) ગુજરાતની ઉતર-દક્ષિણ લંબાઈ કેટલા કિલોમીટર છે ?

(a) 590 (b) 786 (c) 555 (d) 143

(26) ગુજરાતની પૂર્વે કયું પડોશી રાજય આવેલું છે ?

(a) રાજસ્થાન (b) મધ્યપ્રદેશ (c) મહારાષ્ટ્ર (d) છતીસગઢ

(27) ભૂપૃષ્ઠની દ્રષ્ટિએ ગુજરાતનાં કેટલાં ભાગો પડે છે ?

(a) બે (b) ત્રણ (c) પાંચ (d) આઠ

(28) ગુજરાતનું લોકનૃત્ય કયું છે ?

(a) ઘુમર (b) ભાંગળા (c) કથકલી (d) ગરબા

(29) લોથલ અમદાવાદ જિલ્લાના કયા તાલુકામાં આવેલું છે ?

(a) ધોળકા (b) ધંધુકા (c) સાણંદ (d) માંડલ

(30) હડપ્પન સંસ્કૃતિ આજથી આશરે કેટલાં વર્ષો જેટલી પુરાતન છે ?

(a) 3000 (b) 4500 (c) 2500 (d) 5200

**પ્ર. 2 નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર એક-બે વાકયમાં આપો : (કોઈપણ દસ)** **[10]**

(1) એક સરકારી અભિલેખાગારનું નામ લખો.

(2) નકશાનાં મુખ્ય અંગો કેટલાં છે ? કયાં કયાં ?

(3) તમારા કુટુંબ પાસેથી તમને શીખવા મળેલા ચાર ગુણોનાં નામ લખો.

(4) આદિમાનવ હથિયારોનો ઉપયોગ શેના માટે કરતો હતો ?

(5) "અક્ષાંશવૃતો" કોને કહે છે ?

(6) ત્રણ અવકાશયાત્રીઓનાં નામ લખો.

(7) આજે આપણે શેકીને કઈ-કઈ વસ્તુઓનો ઉપયોગ કરીએ છીએ ?

(8) જોમાનો ભાઈ દકુ કયું કામ કરી રહયો છે ?

(9) અરબસાગરમાં ગુજરાતના કયા બે અખાતો આવેલા છે ?

(10) ભારતીય સંસ્કૃતિનું મૂળ લક્ષણ કયું છે ?

(11) મોંહેં-જો-દડો અને હડપ્પા લોકોમાં કઈ રમત ખૂબ પ્રસિધ્ધ હતી ?

Download From : http://www.edumatireals.in

www.edumatireals.in

**પ્ર. 3 નીચેના આપેલા પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો : (કોઈ પણ પાંચ)** **[10]**

(1) ઈતિહાસ જાણવાના મુખ્ય સ્ત્રોતો જણાવો.

(2) ફોટો સાથેનાં ઓળખપત્રો કયાં કયાં છે ?

(3) ભારતનો નાગરિક કેવાં સંજોગોમાં ભારતનું નાગરિકત્વ ગુમાવે છે ?

(4) દેશના આદર્શ નાગરિક તરીકે આપણું શું કર્તવ્ય છે ?

(5) આદિમાનવો પથ્થરોમાંથી કેવાં કેવાં ઓજારો બનાવતાં હતા ?

(6) તમે જોમાના કસબામાં રહેતા હોત તો તમારી પ્રવૃતિઓ શી હોત ?

**પ્ર. 4 (A) રૂઢસંજ્ઞા દોરો :** **[02]**

(1) રેલમાર્ગ (2) જિલ્લાની સીમા

(3) પોસ્ટ ઓફિસ (4) નકશામા દિશાસૂચન

**પ્ર. 4 (B) જોડકા જોડો :** **[04]**

| ‘A’ | | ‘B’ |
|---|---|---|
| (1) એક જ સ્થળ પર વસવાટ | (a) | સંગ્રહ કરવાની જરૂરિયાત |
| (2) અનાજની સાચવણી | (b) | ઘર બાંધવાની જરૂરિયાત |
| (3) ઝૂંપડાં અને ઘરનાં નિશાન | (c) | નૂતન પાષાણગયુગનાં પુરાતન સ્થળો |
| (4) માટીનાં વાસણોની પ્રાપ્તિ | (d) | સ્થાયી વસવાટની શરૂઆત |

**પ્ર. 4 (C) વ્યાખ્યા લખો : (ગમે તે ચાર)** **[04]**

(1) શિલાલખ (2) નકશો

(3) તામ્રપત્ર (4) નાગરિક

(5) અભિલેખ

**પ્ર. 5 ટૂંકમાં જવાબ આપો : (કોઈપણ પાંચ)** **[10]**

(1) ગુજરાતની દરિયાઈ સીમાનો પરિચય આપો.

(2) ગુજરાતના કયાં કયાં જિલ્લા પરથી કર્કવૃત પસાર થાય છે ?

(3) આપણા રાષ્ટ્રીય પ્રતીકો કયાં કયાં છે ?

(4) પ્રારંભિક માનવજીવનનાં મુખ્ય તબકકા કેટલા છે ? કયા કયા ?

(5) તમને ફકત એક જ ભાષા આવડતી હોય તો શી મુશ્કેલી પડે ?

(6) અવશેષો કોને કહે છે ?

**પ્ર. 6 (A) નીચે આપેલ પ્રશ્નોના મુદાસર ઉત્તર આપો : (કોઈપણ બે)** **[06]**

(1) ચક્રની શોધને માનવજીવનની સૌથી ક્રાંતિકારી શોધ શા માટે કહેવામાં આવે છે ?

(2) ખેતીની શરૂઆત થતાં માનવજીવનમાં શું પરિવર્તન આવ્યું ?

(3) ભારતમાં વિવિધતામાં એકતા છે. સમજાવો.

**પ્ર. 6 (B) નીચેના પ્રશ્નોનાં મુદાસર ઉત્તર લખો. (બે માંથી એક)** **[04]**

(1) સિંધુખીણની સંસ્કૃતિનાં નગરોના મકાનોમાં કઈ-કઈ વિશેષતાઓ હતી ?

(2) સિંધુખીણની સંસ્કૃતિની ભૂગર્ભ ગટર યોજનાનો ટૂંકમાં પરિચય આપો.

Download From : http://www.edumatireals.in